


# તમારા નવા મેડિકેર કાર્ડ વિશે જાણવા યોગ્ય 10 બાબતો

મેડિકેર એપ્રિલ 2018 થી નવા મેડિકેર કાર્ડ્સ મોકલી રહ્યું છે. અહીં તમારા નવા મેડિકેર કાર્ડ વિશે જાણવા માટે 10 બાબતો આપેલી છે:

1. **મેલ કરવામાં સમય લાગે છે:** તમારું કાર્ડ તમારા મિત્ર અથવા પડોશી કરતા અલગ સમયે આવી શકે છે.
2. **તમારા જૂના મેડિકેર કાર્ડનો નાશ કરો:** તમારું નવું મેડિકેર કાર્ડ મળી ગયા પછી તમારા જૂના મેડિકેર કાર્ડનો નાશ કરો અને તરત જ તમારા નવા કાર્ડનો ઉપયોગ શરૂ કરો.
3. **તમારા કાર્ડનું રક્ષણ કરો:** તમારો નવો મેડિકેર નંબર માત્ર તેવા જ ડોકટર, ફાર્માસિસ્ટ, અન્ય સ્વાસ્થ્ય સંભાળ પ્રદાતાઓ, તમારી વીમા કંપનીઓ, અથવા એવા જ લોકોને આપો જે તમારા વતી મેડિકેર સાથે કામ કરવા માટે તમારા વિશ્વાસુ હોય.
4. **તમારો મેડિકેર નંબર અનન્ય છે:** તમારા કાર્ડ પર સોશિયલ સિક્યોરિટી નંબરને બદલે એક નવો નંબર છે. આ નવો નંબર તમારા માટે અનન્ય છે.
5. **તમારું નવું કાર્ડ એક પેપર છે:** પેપર કાર્ડ્સ ઘણા પ્રદાતાઓ માટે ઉપયોગ કરવા અને નકલ કરવા માટે સરળ છે, અને તેઓ કરદાતાઓના ઘણા પૈસા બચાવે છે. ઉપરાંત, જો તમને જરૂર હોય તો તમે તમારા પોતાનું રિપ્લેસમેન્ટ કાર્ડ પ્રિન્ટ કરી શકો છો!
6. **તમારું નવું કાર્ડ તમારી સાથે રાખો:** તમારું નવું કાર્ડ સાથે રાખો અને તેને જ્યારે તમને સંભાળની જરૂર હોય ત્યારે તમારા આરોગ્ય સંભાળ પ્રદાતાઓને દેખાડો.
7. **તમારા ડોક્ટર જાણે છે કે તે આવે છે:** જ્યારે તમને સંભાળની જરૂર પડે ત્યારે ડૉક્ટર્સ, અન્ય આરોગ્ય સંભાળ સુવિધા અને પ્રદાતાઓ તમારા નવા મેડિકેર કાર્ડ માટે પૂછશે.
8. **તમે તમારો નંબર શોધી શકો છો:** જો તમે તમારું નવું કાર્ડ ભૂલી જાઓ તો તમે, તમારા ડૉક્ટર અથવા અન્ય આરોગ્ય સંભાળ પ્રદાતા તમારો મેડિકેર નંબર ઓનલાઇન શોધી શકશો.
9. **તમારું મેડિકેર એડવાન્ટેજ કાર્ડ રાખો:** જો તમે મેડિકેર એડવાન્ટેજ પ્લાન પર છો (જેમ કે HMO કે PPO), તો તમારા મેડિકેર એડવાન્ટેજ પ્લાન ID કાર્ડ એ મેડિકેર માટે તમારું મુખ્ય કાર્ડ છે - જ્યારે પણ તમને કાળજીની જરૂર હોય ત્યારે તમારે તેને સાથે રાખવું જોઈએ અને ઉપયોગ કરવો જોઈએ. જો કે, તમને તમારું નવું મેડિકેર કાર્ડ બતાવવા માટે પણ કહેવામાં આવી શકે છે, તેથી તમારે આ કાર્ડ પણ રાખવું જોઈએ.
10. **સહાય ઉપલબ્ધ છે:** જો તમને **એપ્રિલ 2019** સુધીમાં તમારું નવું મેડિકેર કાર્ડ ન મળે તો, 1-800-MEDICARE (1-800-633-4227) પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-877-486-2048 પર કૉલ કરી શકે છે.

તમને સુગમ ફોર્મેટમાં મેડિકેર માહિતી મેળવવાનો અધિકાર છે, જેમ કે મોટી પ્રિન્ટ, બ્રેઇલ અથવા ઑડિઓ જો તમને એમ લાગતું હોય કે તમારી સામે ભેદભાવ થયો છે તો તમને ફરિયાદ દાખલ કરવાનો અધિકાર છે. વધુ માહિતી માટે CMS.gov/about-cms/agency-information/aboutwebsite/cmsnondiscriminationnotice.html, ની મુલાકાત લો, અથવા 1-800-MEDICARE (1-800-633-4227) પર કૉલ કરો. TTY વપરાશકર્તાઓ 1-877-486-2048 પર કૉલ કરી શકે છે.


CMS Product No. 12018-Gujarati
January 2018